**આર્જેન્ટીના કુલ સાતમીવાર ફાઇનલમાં પ્રવેશ્યું, મેસી ત્રણ ફાઇનલ રમનારો છઠ્ઠો ખેલાડી બનશે**

# ઈંગ્લેન્ડને 2-1થી હરાવી આર્જેન્ટિના ફાઈનલમાં

**85** મિનિટ સુધી 0-1થી પાછળ રહ્યા પછી અંતિમ સાત મિનિટમાં બે ગોલ કરીને આર્જેન્ટિના 2-1થી જીત્યું

**એન્ઝો** ફર્નાન્ડીઝ અને લોતારો માર્ટિનેઝે કરેલા બંને ગોલમાં લિયોનલ મેસીએ સહાયકની ભૂમિકા ભજવી

**આર્જેન્ટિનાએ** 1986, 1998 પછી હવે 2026માં ફરી એકવાર ઈંગ્લેન્ડની આશાઓ પર પાણી ફેરવી દીધું





એટલાન્ટા, તા. 16 : ફિફા વર્લ્ડકપની ગઈકાલે બુધવારે રાત્રે અહીં રમાયેલી બીજી સેમી ફાઈનલમાં લિયોનેલ મેસ્સીના જાદુઈ પગ અને ટીમનો ક્યારેય ન હાર માનવાનો જુસ્સાને પગલે અંતિમ સાત મિનિટમાં બે ગોલ કરીને આર્જેન્ટિનાએ ઈંગ્લેન્ડને 2-1થી હરાવીને સતત બીજીવાર અને કુલ સાતમીવાર વર્લ્ડકપની ફાઈનલમાં પ્રવેશ કર્યો હતો, જ્યાં રવિવાર અને સોમવારની વચ્ચેની મધરાતે તેનો મુકાબલો સ્પેન સામે થશે. સતત બીજો વર્લ્ડકપ જીતવાનો ઈતિહાસ રચવાથી આર્જેન્ટિના હવે માત્ર એક ડગલું દૂર છે. સંભવતઃ પોતાનો છેલ્લો વર્લ્ડકપ રમી રહેલો 39 વર્ષીય મેસી વધુ એક જીત મેળવીને ફૂટબોલ ઈતિહાસના સર્વકાલીન મહાન ખેલાડી બનવા તરફ આગળ વધ્યો છે.

મેચની 55મી મિનિટે એન્થોની ગોર્ડને ગોલ કરીને ઈંગ્લેન્ડને લીડ અપાવી દીધી હતી. ત્યાર પછી ઈંગ્લેન્ડે બચાવાત્મક રમત શરૂ કરી. ગોલકીપર જોર્ડન પિકફોર્ડે કેટલાક શાનદાર બચાવ કર્યા, પરંતુ આર્જેન્ટિના સતત આક્રમણ કરતું રહ્યું. મેચની 85મી મિનિટ સુધી 1-0થી પાછળ રહ્યા બાદ, આર્જેન્ટિનાએ શાનદાર વાપસી કરીને ઈંગ્લેન્ડ સામે 2-1થી વિજય મેળવ્યો હતો. આર્જેન્ટિના તરફથી એન્ઝો ફર્નાન્ડીઝ અને સબસ્ટિટ્યુટ તરીકે આવેલા લૌતારો માર્ટિનેઝે ગોલ કર્યા હતા. 85મી મિનિટે મેસીએ બોક્સની બહાર ઊભેલા ફર્નાન્ડીઝ તરફ પાસ આપ્યો, જેણે શાનદાર શોટ મારીને સ્કોર 1-1 થી બરાબર કર્યો. તે પછી ઈન્જરી ટાઈમમાં 91મી મિનિટે મેસી શાનદાર ક્રોસ પાસ પર માર્ટિનેઝે હેડર વડે વિજયી ગોલ કરીને ઈંગ્લેન્ડની આશાઓ પર પાણી ફેરવી દીધું.

મેચ પૂરી થવાની અંતિમ વ્હીસલ વાગતા જ મેસીઘૂંટણિયે બેસીને વિજયની ઉજવણી કરવા લાગ્યો, જ્યારે ઈંગ્લેન્ડના ખેલાડીઓ ફરી એકવાર મેદાન પર નિરાશામાં ફસડાઈ પડ્યા. આર્જેન્ટિનાએ ઈંગ્લેન્ડની આશાઓ પર પાણી ફેરવ્યું હોય તેવી યાદગાર મેચોની યાદીમાં હવે 1986 અને 1998 પછી 2026નું વર્ષ પણ ઉમેરાઈ ગયું છે.

### વિરોધાભાસી વ્યૂહરચના અપનાવતા ઇંગ્લેન્ડ હાર્યું

ઈંગ્લેન્ડ તાજેતરના વર્ષોમાં મોટી ટુર્નામેન્ટોમાં લીડ મેળવ્યા બાદ તેને જાળવી રાખવામાં નિષ્ફળ રહ્યું છે. તેઓ 2018ના વર્લ્ડકપ સેમિફાઇનલમાં ક્રોએશિયા સામે અને 2021ની યુરો ફાઇનલમાં ઇટાલી સામે 1-0ની લીડ હોવા છતા હાર્યા હતા. બુધવારે પણ, ઈંગ્લેન્ડના કોચ થોમસ ટુશેલની સબસ્ટિટ્યુશન લીડ જાળવી રાખવા માટે વધુ પડતી રક્ષણાત્મક સાબિત થઈ. ટુશેલે સ્વીકાર્યું કે આર્જેન્ટિનાએ વધુ જોખમ લીધું અને ઝડપી રમત રમી. જ્યારે અમે ઘણું બધું ગુમાવવાના ડરથી રક્ષણાત્મક થઈ ગયા.

## મેસી અને આર્જેન્ટિના વર્લ્ડકપમાં વાપસીના પણ કિંગ બન્યા

**ગ્રુપ** સ્ટેજની ત્રણેય મેચ સરળતાથી જીતનાર

**આર્જેન્ટિનાએ** નોકઆઉટની દરેક મેચમાં પાછળ રહ્યા પછી વાપસી કરીને જીતી છે

એટલાન્ટા, તા. 16 (એપી) : લિયોનેલ મેસી અને આર્જેન્ટિનાએ વર્તમાન વર્લ્ડકપમાં છેલ્લી ઘડીએ વાપસી કરીને ઇતિહાસ રચ્યો, અને બતાવ્યું કે તેમની ટીમ ક્યારેય હાર માનતી નથી. ઈંગ્લેન્ડ સામે અહીં રમાયેલી સેમી ફાઇનલમાં આર્જેન્ટિના શરૂઆતમાં 0-1થી પાછળ હતું પરંતુ અંતે બે ગોલ કરીને તેમણે મેચ 2-1થી જીતી હતી. ડિફેન્ડિંગ ચેમ્પિયન ટીમે છેલ્લી ઘડીના નાટકીય પુનરાગમનની તેમની લાંબી યાદીમાં વધુ એક પ્રકરણ ઉમેર્યું. હવે રવિવારે ફાઇનલમાં આર્જેન્ટિનાનો મુકાબલો સ્પેન સામે થશે.

મેસ્સીના શાનદાર પ્રદર્શનને કારણે આર્જેન્ટિનાએ ગ્રુપ સ્ટેજમાં તેમની ત્રણેય મેચ જીતી હતી, પરંતુ નોકઆઉટ સ્ટેજમાં તેઓ દરેક મેચમાં પાછળ રહ્યા પછી વાપસી કરી હતી. કેપ વર્ડે સામે એક સમયે પાછળ રહેલા આર્જેન્ટિનાએ વધારાના સમયમાં બે ગોલ કરીને મેચ જીતી લીધી. ઇજિપ્ત સામે રાઉન્ડ ઓફ 16માં આર્જેન્ટિનાનું બહાર થવું લગભગ નિશ્ચિત લાગતું હતું. બીજા હાફના સ્ટોપેજ ટાઇમમાં ફક્ત 11 મિનિટ સુધી ઇજિપ્ત 2-0થી આગળ હતું. પરંતુ તે પછી ટુર્નામેન્ટના સૌથી રોમાંચક પુનરાગમનમાં ત્રણ ગોલ કરીને આર્જેન્ટિના 3-2થી જીત્યું હતું. સ્વિટ્ઝર્લેન્ડ સામે પણ ક્વાર્ટર ફાઇનલમાં સ્કોર બરાબરી પર હતો પણ વધારાના સમયમાં બે ગોલ કરીને આર્જેન્ટિના જીત્યું હતું.

## વર્લ્ડકપમાં ફરી એકવાર મેસી મેજીક જોવા મળ્યો

એટલાન્ટા, તા. 16 (એપી) લિયોનેલ મેસીએ યોગ્ય સમયે પોતાની કુશળતાનું શાનદાર પ્રદર્શન કરીને વર્લ્ડકપ ફૂટબોલ સેમી ફાઇનલમાં ભલે પોતે ગોલ ન કર્યો પણ ઈંગ્લેન્ડ સામે આર્જેન્ટિનાની 2-1થી જીતમાં મુખ્ય ભૂમિકા ભજવી. હરીફ ટીમના સ્ટાર ખેલાડી હેરી કેને પણ તેની ખૂબ પ્રશંસા કરી. મેસીએ ભલે ગોલ ન કર્યો પરંતુ તેણે આર્જેન્ટિના માટે બંને ગોલમાં મદદ કરી, જેનાથી તેની ટીમને સતત બીજી ફાઇનલમાં પહોંચવામાં મદદ મળી. 85મી મિનિટે, મેસીએ એન્ઝો ફર્નાન્ડીઝને ગોલથી 25 યાર્ડ દૂર જોયો. તેણે બોલ ફર્નાન્ડીઝને પાસ કર્યો, જેણે ગોલકીપર જોર્ડન પિકફોર્ડને ડ્રિબલ કરીને સ્કોર બરાબરી પર મૂક્યો સ્ટોપેજ ટાઇમની બીજી મિનિટમાં, તેણે અચાનક તેની ગતિ વધારી અને ગોલપોસ્ટ તરફ દોડતી વખતે, પાછળની પોસ્ટ પર એક સંપૂર્ણ ક્રોસ મોકલવા માટે પૂરતી જગ્યા બનાવી. બોલ લૌટારો માર્ટિનેઝ નજીક ગયો, જેણે બે ડિફેન્ડરો વચ્ચે ડ્રિબલિંગ કરીને ગોલ કરી દીધો.

## જાપાન ઓપન : સિંધુએ વિશ્વની પાંચમી ક્રમાંકિત હાન યુને હરાવી

ટોક્યો, તા. 16 (પીટીઆઈ) : ભારતીય શટલર પીવી સિંધુએ ગુરુવારે જાપાન ઓપન સુપર 750 બેડમિન્ટન ટુર્નામેન્ટમાં વિશ્વની પાંચમી ક્રમાંકિત ચીનની હાન યુને સીધી ગેમમાં હરાવી ક્વાર્ટર ફાઈનલમાં પ્રવેશ કરીને વર્તમાન સિઝનનું તેનું શ્રેષ્ઠ પ્રદર્શન કર્યું છે.

વિશ્વના 10મી ક્રમાંકિત ભારતીય ખેલાડીએ બીજા રાઉન્ડની મેચમાં માત્ર 35 મિનિટમાં ઉચ્ચ ક્રમાંકિત ચીની શટલરને 21-16, 21-14થી હરાવી હતી. ધીમી શરૂઆત બાદ, બિનક્રમાંકિત સિંધુએ પ્રથમ ગેમના મધ્યમાં પોતાની લય મેળવી, શટલને સચોટ રીતે ફટકારી અને રેલીઓમાં પ્રભુત્વ મેળવીને લીડ મેળવી. તનિષા ક્રાસ્ટો અને ધ્રુવ કપિલાની મિક્ષ્ડ ડબલ્સ જોડી પ્રી-ક્વાર્ટર ફાઈનલમાં ફેંગ યાન ઝે અને હુઆંગ ડોંગ પિંગની ટોચની ક્રમાંકિત ચીની જોડી સામે 47 મિનિટમાં 20-22, 17-21થી હારી ગયા બાદ સિંધુ હવે ટુર્નામેન્ટમાં એકમાત્ર ભારતીય ખેલાડી બચી ગઈ છે.

### આર્જેન્ટિનાના ચાહકો ઘરઆંગણે સેમિફાઇનલ વિજયની ઉજવણીમાં ડૂબ્યા







બ્યુનસ આયર્સ, તા. 16 : ડિફેન્ડિંગ ચેમ્પિયન આર્જેન્ટિનાની ઈંગ્લેન્ડ પર 2-1 થી વર્લ્ડકપ સેમી ફાઇનલ જીતને પગલે હજારો ફૂટબોલ ચાહકોએ અહીં રસ્તાઓ પર ઉતરી આવીને ઉજવણી કરી હતી. જ્યારે આર્જેન્ટિના જીત્યું તે સમયે બ્યુનસ આયર્સમાં ધોધમાર વરસાદ પડી રહ્યો હતો, પરંતુ તેનાથી ચાહકો નિરાશ ન થયા, જેમાંથી ઘણા ચાહકો શેરીઓમાં શર્ટ ઉતારીને નાચતા અને ગાતા હતા. તેમાંથી ઘણાના શરીર વાદળી અને સફેદ રંગના રાષ્ટ્રીય રંગોથી રંગાયેલા હતા. નાના છોકરાઓ અને છોકરીઓ લેમ્પપોસ્ટ અને ટ્રાફિક લાઇટ પર ચઢી ગયા, આર્જેન્ટિનાના ધ્વજ લહેરાવ્યા. ઘણા લોકો લાગણીશીલ થઇને રડી રહ્યા હતા. કેથોલિક નન રોસાના બેટો ક્રુઝે કહ્યું કે આ બધા અજાણ્યા છે. તેઓ એકબીજાને ઓળખતા નથી, પણ ફૂટબોલે તેમને એકસાથે લાવ્યા છે. તેઓ સાથે કૂદી રહ્યા છે અને નાચી રહ્યા છે. વર્લ્ડ કપ, આપણી રાષ્ટ્રીય ટીમ, તેઓ જ આ બધું શક્ય બનાવે છે.

## વર્લ્ડકપમાં ફોકલેન્ડ્સ સંબંધિત બેનરની તપાસ માટે બ્રિટનની ફિફાને વિનંતી

**મેદાન** પર રાજકીય સંદેશા સંબંધિત નિયમોનું ઉલ્લંઘનને પગલે આર્જેન્ટિનાની ટીમ સામે શિસ્તભંગની કાર્યવાહી થઇ શકે છે




લંડન, તા. 16 (એપી) : આર્જેન્ટિનાના ખેલાડીઓએ ઈંગ્લેન્ડ સામે વર્લ્ડકપ સેમી ફાઇનલમાં જીત મેળવ્યા બાદ વિવાદિત ફોકલેન્ડ ટાપુઓ પર સાર્વભૌમત્વનો દાવો કરતા બેનર સાથે પોઝ આપ્યો હતો, જેનાથી બ્રિટન ગુસ્સે થયું હતું અને તેના દ્વારા આજે ગુરુવારે ફૂટબોલની ગવર્નિંગ બોડી, ફિફાને તપાસ કરવા વિનંતી કરાઇ હતી.

મેચ પછીની ઉજવણી દરમિયાન, આર્જેન્ટિનાના ખેલાડીઓએ એક બેનર ઉપાડ્યું હતું જેના પર 'લાસ માલવિનાસ પુત્ર આર્જેન્ટિનાસ' લખેલું હતું, જેનો અર્થ થાય છે 'માલ્વિનાસ આર્જેન્ટિનાના છે.' આર્જેન્ટિના ફોકલેન્ડ ટાપુઓને ઇસ્લાસ માલવિનાસ તરીકે ઓળખે છે. સ્ટેડિયમમાં એક દર્શકે આર્જેન્ટિનાના ખેલાડીઓને આ બેનર આપ્યું હતું. મેદાન પર રાજકીય સંદેશાઓ પર પ્રતિબંધ મૂકતા નિયમોનું ઉલ્લંઘન કર્યા બાદ આર્જેન્ટિનાની ટીમ હવે શિસ્તભંગની કાર્યવાહીનો સામનો કરી શકે છે. બ્રિટિશ બિઝનેસ સેક્રેટરી પીટર કાયલે કહ્યું કે ખેલાડીઓનું વર્તન સંપૂર્ણપણે અયોગ્ય હતું.

દક્ષિણ એટલાન્ટિકમાં સ્થિત ફોકલેન્ડ ટાપુઓ પર રાજકીય તણાવને કારણે બંને દેશો વચ્ચે રમતગમતની હરીફાઇ વધુ તીવ્ર બની છે. આશરે 3,500 ની વસ્તી ધરાવતા આ ટાપુઓ બ્રિટનથી આશરે 8,000 માઇલ અને આર્જેન્ટિનાથી 300 માઇલ દૂર સ્થિત છે. આર્જેન્ટિનાનો દાવો છે કે 1833માં આ ટાપુઓ ગેરકાયદેસર રીતે તેમની પાસેથી કબજે કરવામાં આવ્યા હતા. બ્રિટનનો દાવો છે કે તેઓ 1765થી તેમના નિયંત્રણ હેઠળ છે.

## કોહલીની લડત, રોહિતનો સંઘર્ષ સાથે ભારત 233 રને ઓલઆઉટ

**વિરાટ** કોહલીએ અર્ધસદી ફટકારવા ઉપરાંત શ્રેયસ અય્યર સાથે 67 રનની ભાગીદારી કરી

**મિડલ** ઓર્ડરનો ધબડકો થયો, શ્રેયસે પૂંછડીયાઓ સાથે મળી ભારતને 233 રન સુધી પહોંચાડ્યું





કાર્ડિફ, તા. 16 : આજે ગુરુવારે અહીં રમાયેલી બીજી વન ડેમાં વિરાટ કોહલીની 65 રનની આત્મવિશ્વાસથી ભરેલી ઈનિંગ્સે તેના જૂના સુવર્ણ દિવસોની યાદ અપાવી દીધી હતી, પરંતુ બીજી તરફ રોહિત શર્માના સતત સંઘર્ષ કરતો જણાયો હતો સાથે જ મિડલ ઓર્ડરનો ધબડકો થતાં ભારતીય ટીમ 44 ઓવરમાં 233 રનના સામાન્ય સ્કોર પર ઓલઆઉટ થઈ હતી.

જોફ્રા આર્ચરની ઘાતક બોલિંગ સામે ભારતનું મિડલ ઓર્ડર પત્તાની જેમ વિખેરાઈ ગયું હતું, જ્યાં ટીમે માત્ર 26 બોલના ગાળામાં 15 રનના ઉમેરામાં ચાર વિકેટ ગુમાવી દીધી હતી. કોહલીએ 66 બોલમાં 8 ચોગ્ગા સાથે 65 રન બનાવ્યા હતા, રોહિત શર્મા 47 બોલમાં માત્ર 26 રન માટે સંઘર્ષ કરતો જોવો ચાહકો માટે નિરાશાજનક હતો. તે સતત નવ બોલ સુધી એક પણ રન બનાવી શક્યો નહોતો અને આખરે સસ્તામાં આઉટ થયો હતો. બીજી તરફ, વાઇસ-કેપ્ટન શ્રેયસ અય્યરે 71 બોલમાં 66 રનની લડાયક ઈનિંગ રમીને ભારતીય બેટિંગને સંભાળી હતી. તેણે શોર્ટ પિચ બોલનો સામનો સારી રીતે કર્યો હતો, પરંતુ તેને બીજા છેડેથી કોઈ સાથ મળ્યો નહોતો. કોહલી અને અય્યર વચ્ચે 67 રનની ભાગીદારી થઈ હતી. બુમરાહે સાકિબ મહમૂદની એક ઓવરમાં ત્રણ ચોગ્ગા અને એક છગ્ગો ફટકારતા પ્રેક્ષકો રોમાંચિત થયા હતા.

| ભારત | રન | બોલ | 4 | 6 |
|---|---|---|---|---|
| રોહિત કો.બટલર બો.જેક્સ | 26 | 47 | 1 | 1 |
| ગીલ કો.ડકેટ બો.એટકિન્સન | 31 | 30 | 6 | 0 |
| કોહલી કો.રશિદ બો.આર્ચર | 65 | 66 | 8 | 0 |
| ઇસાન કોએન્ડબો.કરન | 1 | 8 | 0 | 0 |
| શ્રેયસ કો.બટલર બો.એટકિન્સન | 66 | 71 | 5 | 2 |
| સુંદર કો.બટલર બો.મહમૂદ | 2 | 5 | 0 | 0 |
| અક્ષર કો.બટલર બો.આર્ચર | 1 | 5 | 0 | 0 |
| દુબે કોએન્ડબો.આર્ચર | 0 | 1 | 0 | 0 |
| બ્રાર કો.એટકિન્સન બો.મહમૂદ | 7 | 15 | 0 | 0 |
| બુમરાહ નોટઆઉટ | 20 | 13 | 3 | 1 |
| પ્રસિદ્ધ બો.એટકિન્સન | 0 | 3 | 0 | 0 |
| વધારાના | 14 | | | |
| કુલ (44 ઓવરમાં ઓલઆઉટ) | 233 | | | |

**વિકેટપતન** : 1-44, 2-104, 3-111, 4-178, 5-181, 6-193, 7-193, 8-210, 9-233, 10-233

| બોલિંગ | O | M | R | W |
|---|---|---|---|---|
| જોફ્રા આર્ચર | 10 | 0 | 47 | 3 |
| સાકિબ મહમૂદ | 9 | 1 | 52 | 2 |
| ગસ એટકિન્સન | 9 | 1 | 50 | 3 |
| આદિલ રશિદ | 5 | 0 | 34 | 0 |
| સેમ કરન | 6 | 1 | 23 | 1 |
| વિલ જેક્સ | 5 | 0 | 21 | 1 |

## હેમસ્ટ્રિંગ ઈજા બાદ હર્ષિતની ફિટનેસ, વરુણના ભાવિ પર પ્રશ્નાર્થ

નવી દિલ્હી, તા. 16 (પીટીઆઈ) : ઘૂંટણની સર્જરીમાંથી પાછા ફર્યા બાદ પોતાની પહેલી ઈન્ટરનેશનલ સીરિઝમાં હેમસ્ટ્રીંગ ઈન્જરીનો ભોગ બનેલા ઝડપી બોલર હર્ષિત રાણાના ફિટનેસ પ્રોગ્રામ પર પ્રશ્નો ઉભા થયા છે, ટોચના સૂત્રો કહે છે કે પુનર્વસન દરમિયાન તેનું વજન વધી ગયું હશે, જે ઈજામાં ફાળો આપી શકે છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર, 24 વર્ષીય હર્ષિત જ્યારે ઈંગ્લેન્ડ અને આયર્લેન્ડ પ્રવાસના ટી-20 તબક્કા માટે ટીમમાં જોડાયો ત્યારે તેનું વજન વધી ગયું હતું. તેણે આયર્લેન્ડ સામે બે અને ઈંગ્લેન્ડ સામે ત્રણ ટી20 મેચ રમી હતી, પરંતુ સ્નાયુઓમાં ખેંચાણને કારણે માત્ર પાંચ મેચ પછી તેને ટીમમાંથી બહાર કરવામાં આવ્યો હતો. આ તરફ યુકે પ્રવાસ દરમિયાન માત્ર ત્રણ મેચ રમ્યા બાદ તેને બીજી હેમસ્ટ્રીંગ ઈન્જરી થતાં વરુણ ચક્રવર્તીની ફિટનેસ પણ સવાલોના ઘેરામાં છે. બીસીસીઆઈએ એક રિલિઝમાં કહ્યું હતું કે એમઆરઆઈ સ્કેનથી ગ્રેડ 2 હેમસ્ટ્રિંગ ઈજાની પુષ્ટિ થઈ છે. નિષ્ણાત ડોકટરોની સલાહના આધારે, તેને ઝિમ્બાબ્વે સામેની આગામી ટી20 ઈન્ટરનેશનલ સીરિઝમાંથી બહાર કરવામાં આવ્યો છે.

## અનુસંધાન ... પાના પહેલાનું

### હવે અમેરિકામાં...

વિદ્યાર્થીઓને "ડ્યુરેશન ઓફ સ્ટેટસ" તરીકે ઓળખાતી વ્યવસ્થા હેઠળ પ્રવેશ આપવામાં આવતો હતો. આમાં વિદ્યાર્થીઓને કોઈ ચોક્કસ વિઝા પૂરા થવાની તારીખ આપવામાં આવતી નહોતી, પરંતુ જ્યાં સુધી તેઓ પૂર્ણ-સમયનો અભ્યાસ ચાલુ રાખે અને વિઝાની શરતોનું પાલન કરે, ત્યાં સુધી તેમને દેશમાં રહેવાની છૂટ મળતી હતી. DHSનો નવો નિયમ આ વ્યવસ્થાનો અંત લાવશે. હવે એકવાર ચાર વર્ષનો પ્રવેશ સમયગાળો પૂરો થઈ જાય પછી, વિદ્યાર્થીઓ આપમેળે તેમનો અભ્યાસ ચાલુ રાખી શકશે નહીં. તેના બદલે, જો તેમની ડિગ્રી અથવા રિસર્ચ પ્રોગ્રામ હજી પણ ચાલુ હોય, તો તેમણે તેમના કાનૂની દરજ્જાને લંબાવવા માટે DHSને અરજી કરવી પડશે. આ જ નિયમાવલી J-1 એક્સચેન્જ વિઝિટર્સ (જેમાં અમેરિકન યુનિવર્સિટીઓમાં કામ કરતા વિદેશી સંશોધકો આવે છે) તેમજ I વિઝા ધરાવતા પત્રકારોને પણ લાગુ પડશે. DHSના જણાવ્યા અનુસાર, આ ફેરફારનો ઉદ્દેશ્ય અસ્થાયી વિઝા ધારકો પરની દેખરેખ સુધારવાનો અને રાષ્ટ્રીય સુરક્ષાના પગલાંને મજબૂત કરવાનો છે.

### હવે અમેરિકામાં...

વિદ્યાર્થીઓને "ડ્યુરેશન ઓફ સ્ટેટસ" તરીકે ઓળખાતી વ્યવસ્થા હેઠળ પ્રવેશ આપવામાં આવતો હતો. આમાં વિદ્યાર્થીઓને કોઈ ચોક્કસ વિઝા પૂરા થવાની તારીખ આપવામાં આવતી નહોતી, પરંતુ જ્યાં સુધી તેઓ પૂર્ણ-સમયનો અભ્યાસ ચાલુ રાખે અને વિઝાની શરતોનું પાલન કરે, ત્યાં સુધી તેમને દેશમાં રહેવાની છૂટ મળતી હતી. DHSનો નવો નિયમ આ વ્યવસ્થાનો અંત લાવશે. હવે એકવાર ચાર વર્ષનો પ્રવેશ સમયગાળો પૂરો થઈ જાય પછી, વિદ્યાર્થીઓ આપમેળે તેમનો અભ્યાસ ચાલુ રાખી શકશે નહીં. તેના બદલે, જો તેમની ડિગ્રી અથવા રિસર્ચ પ્રોગ્રામ હજી પણ ચાલુ હોય, તો તેમણે તેમના કાનૂની દરજ્જાને લંબાવવા માટે DHSને અરજી કરવી પડશે. આ જ નિયમાવલી J-1 એક્સચેન્જ વિઝિટર્સ (જેમાં અમેરિકન યુનિવર્સિટીઓમાં કામ કરતા વિદેશી સંશોધકો આવે છે) તેમજ I વિઝા ધરાવતા પત્રકારોને પણ લાગુ પડશે. DHSના જણાવ્યા અનુસાર, આ ફેરફારનો ઉદ્દેશ્ય અસ્થાયી વિઝા ધારકો પરની દેખરેખ સુધારવાનો અને રાષ્ટ્રીય સુરક્ષાના પગલાંને મજબૂત કરવાનો છે.

### ઇસરોમાંથી ૧૦૦...

અહેવાલ મુજબ, બેંગલુરુ સ્થિત યુ. આર. રાવ સેટેલાઇટ સેન્ટરમાંથી લગભગ ૮૦ વૈજ્ઞાનિકો અને તિરુવનંતપુરમ સ્થિત વિક્રમ સારાભાઈ સ્પેસ સેન્ટરમાંથી આશરે ૨૦ વૈજ્ઞાનિકો છૂટા થયા છે. સૂત્રોના જણાવ્યા અનુસાર વાસ્તવિક આંકડો આનાથી પણ વધારે હોઈ શકે છે, કારણ કે કેટલાક વધારાના રાજીનામા હાલ મૂલ્યાંકન હેઠળ છે. આ વિદાય લેનારાઓમાં દેશના કેટલાક વરિષ્ઠ અને હાઇ-પ્રોફાઇલ વૈજ્ઞાનિકો પણ સામેલ છે. જેમાં LVM3 ના પ્રોજેક્ટ ડિરેક્ટર વિક્ટર જોસેફ, URSC ના SpaDeX પ્રોજેક્ટ ડિરેક્ટર અને આદિત્ય રાલ્લાપલ્લીનો સમાવેશ થાય છે. આદિત્ય રાલ્લાપલ્લી ચંદ્રયાન-૩ના એક મહત્વપૂર્ણ વૈજ્ઞાનિક હતા જેમણે સિમ્યુલેશન ટીમનું નેતૃત્વ કર્યું હતું. અધિકારીઓ ખાસ કરીને એટલા માટે ચિંતિત છે કારણ કે નોકરી છોડનારા ઘણા લોકો ફ્લેગશિપ પ્રોજેક્ટ્સ સાથે સીધા જોડાયેલા છે. ખરો પડકાર ખાલી પડેલી જગ્યાઓ ભરવાનો નથી, પરંતુ ગગનયાન, ચંદ્રયાન અને SpaDeX જેવા જટિલ પ્રોજેક્ટ્સ દ્વારા વર્ષો દરમિયાન મેળવેલા વિશિષ્ટ મિશન-આધારિત અનુભવ અને કુશળતાની અછત પૂરી કરવાનો છે.

### CBSEની ત્રીજી...

સ્થાપનાનો સતત વિરોધ કરી રહી છે. જો કે, ખંડપીઠ સીબીએસઈની નવી નીતિના મુદ્દા પર સીધી રીતે સુનાવણી કરી રહી ન હતી, પરંતુ કોર્ટે શાળાઓમાં ત્રીજી ભાષા દાખલ કરવાના સમય અંગે ટિપ્પણી કરી હતી. મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંતના વડપણ હેઠળની સુપ્રીમ કોર્ટની અન્ય એક ખંડપીઠ સીબીએસઈની નવી નીતિને પડકારતી અરજીઓની તપાસ કરી રહી છે અને તેણે તાજેતરમાં આ નોટિફિકેશન પર સ્ટે આપવાનો ઇનકાર કર્યો હતો. સુનાવણી દરમિયાન, તમિલનાડુ સરકારના વકીલે રજૂઆત કરી હતી કે રાજ્યનો મુખ્ય વાંધો ત્રિ-ભાષા નીતિને લગતો છે.

### શાંતિ કરાર...

ડેના કરારી તરીકે આપી હતી, જેઓ અમેરિકી-ઈરાની નાગરિક છે અને એક બિન-લાભકારી સંસ્થા(NGO) ચલાવે છે અને તેમના પર જાસૂસીનો આરોપ મૂકવામાં આવ્યો હતો. ઈરાને તાત્કાલિક આ મુક્તિ અંગે કોઈ પુષ્ટિ કરી ન હતી અને આ કેસ જાહેરમાં જાણીતો ન હતો, જે સામાન્ય રીતે ઇસ્લામિક રિપબ્લિકમાં અટકાયતના કિસ્સાઓમાં બનતું હોય છે.

### અમેરિકાએ હુમલા...

તેહરાનની આસપાસના વિસ્તારો સુધી પણ પહોંચ્યા છે, જે દર્શાવે છે કે અમેરિકનો પોતાના લક્ષ્યોનો વ્યાપ વધારી રહ્યા છે.

ઈરાની સૈન્યના 'ખાતમ અલ-અંબિયા સેન્ટ્રલ હેડક્વાર્ટર'ના પ્રવક્તા કર્નલ ઈબ્રાહિમ ઝુલ્ફીકારીએ ચેતવણી આપી હતી કે જો પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની વારંવારની ચેતવણીઓ પર અમેરિકા અમલ કરશે કે અમેરિકા ઈરાની પુલો અને પાવર પ્લાન્ટ્સ પર હુમલો કરી શકે છે, તો ઈરાન પ્રાદેશિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર વ્યાપક હુમલા શરૂ કરી શકે છે. જો ટ્રમ્પની ધમકીનો અમલ કરવામાં આવશે, તો 'ઈસ્લામિક રિપબ્લિક ઓફ ઈરાન'ના શક્તિશાળી સશસ્ત્ર દળોના લોખંડી પ્રહારો હેઠળ આ ક્ષેત્રના તમામ ઈન્ફ્રાસ્ટ્રક્ચર કચડી નાખવામાં આવશે.

સરકારી મીડિયાના અહેવાલ અનુસાર, ગુરુવારે વહેલી સવારે યુએસના હુમલા તેહરાનની આસપાસના વિસ્તારોમાં થયા હતા. અહેવાલમાં એમ પણ જણાવવામાં આવ્યું છે કે અમેરિકન હુમલાઓએ સિમનાન પ્રાંતને નિશાન બનાવ્યો હતો, જે ઈરાનના બેલિસ્ટિક મિસાઈલ ઉત્પાદન અને સ્પેસ પ્રોગ્રામનું મુખ્ય મથક છે.

ઈરાની મીડિયાએ ગુરુવારે સવારે હમેદાન, હોર્મોઝગન, ખુઝેસ્તાન, લોરેસ્તાન, મરકઝી અને સિસ્તાન તથા બલુચેસ્તાન પ્રાંતોની આસપાસ પણ હુમલા થયા હોવાના અહેવાલ આપ્યા હતા.

યુએસ દળોના મથકો ધરાવતા બહેરીન, જોર્ડન અને કુવૈતના સત્તાવાળાઓએ જણાવ્યું હતું કે ઈરાને ગુરુવારે સવારે આ દેશો પર મિસાઈલ અને ડ્રોન હુમલા કરીને જવાબી પ્રહાર કર્યા હતા. આ હુમલાઓમાં કોઈ નુકસાન કે જાનહાનિ અંગે તાત્કાલિક કોઈ સત્તાવાર પુષ્ટિ થઈ નથી. કુવૈતે ગુરુવારે બપોરે નવા હુમલા થવાના અહેવાલ આપ્યા હતા. ઈરાકના કુર્દ પ્રદેશમાં પણ એક ડ્રોન હુમલો થયો હતો. સત્તાવાળાઓના જણાવ્યા અનુસાર આ ડ્રોનને હવામાં જ નષ્ટ કરી દેવામાં આવ્યું હતું. આ હુમલો વડાપ્રધાનની અમેરિકાની મુલાકાત દરમિયાન થયો હતો, જેમાં તેમણે કહ્યું હતું કે ઈરાક ઈરાન સમર્થિત જૂથો સહિતના બિન-સરકારી સશસ્ત્ર જૂથોને નિઃશસ્ત્ર કરવા માટે કામ કરશે.

### દિલ્હી ડાયરી...

સૂત્રોનો દાવો છે કે, રાજ્યસભાની ચૂંટણી સંબંધિત એક મહત્ત્વપૂર્ણ માહિતી આઈબી ઓફિસમાંથી લીક થઈ ગઈ હતી અને વડા પ્રધાન ખુદ આ બાબતે અત્યંત નારાજ હતા.

**લંડન બેડમિન્ટન ટૂર્નામેન્ટનું સત્ય**

તાજેતરમાં સોશિયલ મીડિયા પર એક સમાચાર ખૂબ વાયરલ થયા હતા. તે લંડનમાં આયોજિત 'કેમેરાડરી, સ્પોર્ટ્સમેનશિપ એન્ડ ગુડવિલ' નામના કાર્યક્રમ વિશે હતા. આ ઈવેન્ટના આયોજનનો શ્રેય આંતરરાષ્ટ્રીય બેડમિન્ટન ખેલાડી કુમારી અવંતિકા ડેકાને આપવામાં આવ્યો હતો. સોશિયલ મીડિયા પર એવા દાવાઓ સાથે ચર્ચાઓ ચાલી રહી હતી કે, ભારતના મુખ્ય ન્યાયાધીશ (સીજેઆઈ)ની સાથે દેશના વિવિધ ભાગોના 70થી 80 સેવારત ન્યાયાધીશોએ સરકારી ખર્ચે આ કાર્યક્રમમાં ભાગ લીધો હતો. એવો પણ દાવો કરવામાં આવ્યો હતો કે, કેન્દ્રીય કાયદા મંત્રી અર્જુન મેઘવાલ અને સંસદીય બાબતોના મંત્રી કિરેન રિજીજુએ પણ આ રમતગમતના કાર્યક્રમમાં ભાગ લીધો હતો. આ સમગ્ર કાર્યક્રમ જિંદાલ લો યુનિવર્સિટી દ્વારા સ્પોન્સર કરવામાં આવ્યો હોવાનું અહેવાલોમાં જણાવાયું હતું. જોકે, જ્યારે આ મામલાની તપાસ કરવામાં આવી ત્યારે જાણવા મળ્યું કે બેડમિન્ટન ટૂર્નામેન્ટની જે તસવીરો શેર કરવામાં આવી રહી હતી તે વાસ્તવમાં ગયા વર્ષની હતી. આ વર્ષની ટૂર્નામેન્ટમાં ન તો સીજેઆઈ કે અન્ય કોઈ ન્યાયાધીશોએ ભાગ લીધો હતો અને ન તો ભારત સરકારના કોઈ મંત્રીએ હાજરી આપી હતી.